## (1) પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) ટૂંક સમયમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાનો ત્રીજો તબક્કો શરૂ કરવાની યોજના છે.

(2) આ તબક્કો ભારતના 1540 જિલ્લામાં શરૂ કરવામાં આવશે.

(3) આ તબક્કો કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલયના નેતૃત્વમાં શરૂ કરાશે.

(4) આ તબક્કામાં 8 લાખ યુવાઓને કૌશલ્ય આપવાનું લક્ષ્ય છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાનો ત્રીજો તબક્કો PMKVY 3.0 ટૂંક સમયમાં જ શરૂ કરવાની યોજના છે. આ તબક્કો ભારતના 600 જિલ્લાઓમાં શરૂ કરવામાં આવશે. આ તબક્કો કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલયના નેતૃત્વમાં શરૂ કરાશે. PMKVYનું વર્ષ 2020-21 માટે 8 લાખ યુવાઓને કૌશલ્ય આપવાનું લક્ષ્ય છે.

**Skill India PMKVY 3.0**

⇛ 729 કૌશલ્ય કેન્દ્રોમાં વ્યવસાયિકોને કુશળ બનાવવા સ્કીલ ઈન્ડિયા હેઠળ 200 ITI અને નોન–PMKK કેન્દ્રોમાં આ ટ્રેનિંગ આપવાનું આયોજન છે.

⇛ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 2015માં શરૂ કરવામાં આવી હતી.

⇛ આ ફ્લેગશીપ યોજના સ્કીલ ડેવલપમેન્ટ અને ઉદ્યમ મંત્રાલયના નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવે છે.

હેતુઓ (સર્ટીફિકેશન સ્કીમ) :

⇛ તેના હેઠળ યુવાઓને ઈન્ડસ્ટ્રી સંબંધિત કૌશલ્ય તાલિમ આપવામાં આવે છે.

⇛ આગળના ભણતરનો અનુભવ અથવા કુશળતાવાળા વ્યક્તિઓનું મૂલ્યાંકન અને રેકગનિઝન ઓફ પ્રાયર લર્નિંગ (RPL) હેઠળ પ્રમાણિત કરવામાં આવશે.

⇛ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 2.0 2016-2020.

⇛ પ્રથમ તબક્કા બાદ PMKVY 2.0ને મેક ઈન ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્વચ્છ ભારત જેવા અન્ય મિશનો સાથે જોડવામાં આવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) રાષ્ટ્રીય ઈનોવેશન ફાઉન્ડેશનના (NIF) સંદર્ભમાં કયાં વિધાનો સાચાં છે ?

(1) ઈનોવેશન પોર્ટલ–ભારત રાષ્ટ્રીય ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા વિકસિત કરવામાં આવ્યું છે.

(2) આ NIF વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ સ્વાયત્ત સંસ્થા છે.

(3) NIFની સ્થાપના 2000માં બેંગ્લોર ખાતે કરવામાં આવી હતી.

(4) NIF ઈનોવેશનને વધુ મજબૂત બનાવવાની રાષ્ટ્રીય પહેલ છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1) અને (2)

(C) માત્ર (1), (2) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ રાષ્ટ્રીય ઈનોવેશન ફાઉન્ડેશન (NIF) દ્વારા હાલમાં જ 'ઈનોવેશન પોર્ટલ–ભારત' વિકસિત કરવામાં આવ્યું છે. NIFએ વિજ્ઞાન અને ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ હેઠળની સ્વાયત્ત સંસ્થા છે.

⇛ રાષ્ટ્રીય ઈનોવેશન પોર્ટલમાં 1.15 લાખ જેટલાં ઈનોવેશન લોકલ લોકો દ્વારા નોંધાયેલા છે. જેમાં એન્જીનિયરીંગ ખેતી, વેટરનરી અને હેલ્થ ક્ષેત્રનો સમાવેશ થાય છે.

⇛ ડોમેન ક્ષેત્રોની દષ્ટિએ, હાલમાં ઈનોવેશનમાં એનર્જી, મિકેનિકલ, ઓટો મોબાઈલ, ઈલેકટ્રીકલ, ઈલેકટ્રોનિકસ, ન્યુટ્રાસ્યુટીકલ વગેરેનો સમાવેશ થાય છે.

**NIF (નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન)**

⇛ તેની સ્થાપના ફેબ્રુઆરી 2000માં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. તેનો હેતુ દેશના ગ્રાસરૂટ લેવલ પર ઈનોવેશનને સ્કાઉટીંગ, સ્કેલિંગ માટે સંસ્થાકીય ટેકો પુરો પાડવાનો છે.

⇛ આવી ટેક્નોલોજીને મજબૂત બનાવવાની ભારતની રાષ્ટ્રીય પહેલ છે.

⇛ તેના હેતુઓમાં ભારતને સર્જનાત્મક અને જ્ઞાન આધારીત સમાજ બનાવવામાં મદદ કરવાનો પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) ભારતની નવી વિકસિત 9mm મશીન પિસ્તોલનાં સંદર્ભમાં કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ નવી 9mm પિસ્તોલ DRDO દ્વારા ભારતીય સેના સાથે મળીને વિકસાવવામાં આવી છે.

(2) તેમાં 3D પ્રિન્ટીંગ પ્રોસેસનો ઉપયોગ થયો છે.

(3) તેને 'અસ્મી' નામ આપવામાં આવ્યું છે.

(4) આ નવી પિસ્તોલ કાઉન્ટર ટેરરિઝમ માટે ખૂબ જ ઉપયોગી છે.

(A) આપેલ તમામ (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (2), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ભારતની પ્રથમ સ્વદેશી 9mm મશીન પિસ્તોલ હાલમાં DRDO અને ભારતીય સેનાએ સંયુકત રીતે વિકસિત કરી છે. મશીન પિસ્તોલ ઈન સર્વીસ 9mm દારૂગોળો વાપરે છે. અને એરક્રાફટ ગ્રેડના એલ્યુમિનિયમથી બનાવેલું અપર રીસીવર અને કાર્બન ફાઈબરથી લોઅર રિસીવર બનેલું છે.

⇛ મેટલ 3D પ્રિન્ટીંગ દ્વારા બનાવવામાં આવેલાં ટ્રિગર ઘટકો સહિત વિવિધ ભાગોની ડિઝાઈન અને પ્રોટોટાઈપિંગમાં 3D પ્રિન્ટીંગ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

⇛ આ શસ્ત્રનું નામ 'અસ્મી' છે. જેનો અર્થ 'ગૌરવ' 'આત્મ–સન્માન' અને 'હાર્ડ વર્ક' થાય છે.

⇛ ભારે હથિયાર ધરાવતી ટુકડીઓ, કમાન્ડરો અને આતંકવાદ વિરોધી કાર્યવાહી માટે વ્યક્તિગત શસ્ત્ર તરીકે સશસ્ત્ર દળોમાં તે અતિ ઉપયોગી સાબિત થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'હેનલે પાસપોર્ટ સૂચકાંક 2021'ના સંદર્ભમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) હેનલે પાસપોર્ટ સૂચકાંક 'ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન'ના ડેટા પર આધારિત છે.
(2) આ સૂચકાંકમાં ભારતે 51મું સ્થાન પ્રાપ્ત કર્યું છે.
(3) આ સૂચકાંકમાં પ્રથમ સ્થાન જાપાનનું છે, ત્યારબાદ ક્રમશઃ નોર્વે અને સિંગાપુર દ્વિતીય અને તૃતીય સ્થાનો પર છે.
(2) આ સૂચકાંકમાં પ્રથમ વખત એશિયાના કોઈ દેશનો પ્રથમ રેંક આવ્યો છે.

(A) માત્ર (1) અને (4)  (B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ બહાર પડેલાં હેનલે સૂચકાંક(2021)માં ભારતે 85મું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

હેનલે પાસપોર્ટ સૂચકાંક

⇛ આ સૂચકાંક વિશ્વના બધા દેશોના પાસપોર્ટની રેન્કીંગ દર્શાવે છે. આ સૂચીમાં વિઝા વિના કેટલાં દેશોની યાત્રા કરી શકાય છે. તેના આધારે રેન્કીંગ આપવામાં આવે છે.

⇛ ડો. ક્રિશ્ચિયન એચ. કેલિન (હેનલે એંડ પાર્ટનર્સના અધ્યક્ષ) દ્વારા બનાવવામાં આવતી આ સૂચી 'ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન'ના (IATA) ડેટા ઉપર આધારીત છે જે વિશ્વ પ્રવાસો પર એક વિસ્તૃત ડેટાબેઝ રાખે છે.

⇛ તેને 2006માં લોન્ચ કરવામાં આવ્યું હતું જેમાં 199 પાસપોર્ટ છે.

રિપોર્ટ

⇛ આ સૂચકાંકમાં જાપાનને શીર્ષનું સ્થાન પ્રાપ્ત થયું છે જાપાની પાસપોર્ટ ધારકો વિશ્વના 191 દેશોમાં વિઝા વિના યાત્રા કરી શકે છે.

⇛ આ સૂચકાંકમાં સિંગાપુર દ્વિતીય અને દક્ષિણ કોરિયા અને જર્મની સામૂહિક રૂપે તૃતીય સ્થાન પર છે.

⇛ પરંપરાગત રીતે યુરોપીય સંઘના દેશો કે ઈંગ્લેન્ડ અને અમેરિકા પ્રથમ સ્થાનો પર હોય છે પરંતુ પ્રથમ વખત એશિયા–પ્રશાંત ક્ષેત્રના દેશે શીર્ષ સ્થાન જાળવ્યું છે.

⇛ સીરિયા, ઈરાક અને અફઘાનિસ્તાન ક્રમશઃ 29, 28 અને 26ના સ્કોર સાથે સૌથી નીચે છે.

⇛ આ સૂચકાંકમાં ભારત 58ના સ્કોર સાથે 85માં સ્થાને રહયો છે. તે પાકિસ્તાન (107) અને નેપાળ (104) કરતાં આગળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના'ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?**

(1) PMFBY હેઠળ વીમાની સરેરાશ રકમ પ્રતિ હેકટર 40.700 રૂ. છે.

(2) આ યોજના હેઠળ ખેડૂતો દ્વારા દર વર્ષે લગભગ 5.5 કરોડ આવેદનો નોંધાવવામાં આવે છે.

(3) લોકડાઉન સમયમાં લગભગ 70 લાખ ખેડૂતોને લાભ મળ્યો છે.

(4) તેમાં ખરીફ પાકો માટે 2%, રવી પાકો માટે 1.5% અને બાગાયતી અને રોકડીયા પાકો માટે 5% પ્રિમીયમ રાખવામાં આવ્યું છે.

(A) માત્ર (2) અને (3) (B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ હાલમાં જ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાને 5 વર્ષ પૂર્ણ થયાં છે.
ઉપલબ્ધિઓ

⇛ પહેલાંની કૃષિ વીમા યોજનાઓ હેઠળ સરેરાશ વીમા રાશિ પ્રતિ હેકટર 15,100 રૂ. હતી. જે આ PMFBY હેઠળ વધીને 40,700 થઈ છે.

⇛ આ યોજના હેઠળ દર વર્ષે લગભગ 5.5 કરોડ આવેદનો ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં 90,000 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

⇛ કોવિડ લોકડાઉનમાં લગભગ 70 લાખ ખેડૂતો લાભાન્વિત થયા છે.

⇛ PMFBY, વાવણીથી કાપણી સુધીના સમયના જોખમ માટે નીચેના પ્રિમિયમો પર વિસ્તૃત વીમો આપે છે.

⇛ ખરીફ પાકો – 2%, રવી પાકો– 1.5% અને બાગાયતી અને રોકડિયા પાકો – 5%

લાભાર્થી

⇛ ભાડુતીયા ખેડૂતો ઉપરાંત તમામ અધિસૂચિત ક્ષેત્રોમાં અધિસૂચિત પાકોનું ઉત્પાદન કરતાં ખેડૂતો (વીમા એકમો રાજ્યો દ્વારા નક્કી કરાય છે.)

⇛ આ વર્ષમાં તેના પડકારોના સમાધાન માટે તેમાં સંશોધન કરવામાં આવ્યું હતું.

⇛ સિંચિત ક્ષેત્રોમાં કેન્દ્રનો હિસ્સો 50%થી ઘટાડી 25% અને અસિંચિત ક્ષેત્રોમાં 30% કરવામાં આવ્યો છે.

⇛ તમામ ખેડૂતો માટે યોજનાને સ્વૈચ્છિક બનાવવી જ્યારે પહેલાં માત્ર ઋણદાર ખેડૂતો માટે જ વીમો અનિવાર્ય હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT